**રે.દિ.મુ નં. ૧૭/૨૦૨૧**

**...આંક-૭ હેઠળનો હુકમ...**

આ કામે વાદીએ હાલનો દાવો દાખલ કરતી વખતે વાદગ્રસ્ત મિલ્કતના મુળ માલિકોને પક્ષકાર તરીકે જોડેલ નહી અને ત્યારબાદ હાલની અરજી મુળ માલિકોના વારસદારોને પક્ષકાર તરીકે જોડવા અરજી આપેલી, જે અરજીની નોટીસ બજી ગયેલ અને જેઓ ૧/૧, ૨/૧ તથા ૨/૨નાઓ તા.૨૦/૦૭/૨૦૨૧ના રોજ હાજર થયેલ ત્યારબાદ તેઓને પુરતી તકો આપવા છતા તેઓ તરફે હાલની અરજી વિરૂધ્ધ કોઇ વાંધા રજુ કરેલ નથી, જયારે વાદીની દાવા અરજીની દાદ જોતા વાદગ્રસ્ત જમીનના મુળમાલીકો નેસેસરી પક્ષકાર હોય જેથી તેઓને હાલના દાવામાં પક્ષકાર તરીકે જોડાવા જરૂરી જણાતા હોય અને તેઓને પક્ષકાર તરીકે જોડાવામાં આવે તો તેનાથી દાવાના મુળ સ્વરૂપમાં કોઇ ફેરફાર થાય તેમ ન હોય અને તેઓને પક્ષકાર તરીકે જોડવામાં આવે તો દાવાની તકરારી વિગતનો યોગ્ય નિર્ણય થઇ શકે તેમ હોય જેથી વાદીની હાલની અરજી મંજુર કરવાપાત્ર જણાતી હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**...હુકમ...**

વાદીની હાલની પક્ષકારો જોડાવાની અરજી મંજુર કરવામાં આવે છે.

અરજીમાં જણાવ્યા મુજબ મુળ માલીકના વારસદારોને પ્રતિવાદી નં. ૪, ૫, ૬ તથા ૭ તરીકે જોડી તે મુજબનો સુધારો કરી સુધારેલી દાવા અરજી દિન-૭માં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ–૧૫મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date** : 15/11/2021
**Place**: Anklav

(**VADI MITESHKUMAR GIRDHARBHAI**)
Principal Civil Judge
& JMFC, Anklav.
(Code No.-01239)

**રે.દિ.મુ નં. ૧૭/૨૦૨૧**

**...આંક-૬ હેઠળનો હુકમ...**

આ કામે વાદીએ હાલની અરજી વાદગ્રસ્ત જમીનની સ્થળ સ્થીતીનું પંચનામુ તથા નકશો નોંધ કરવા અરજી આપેલ છે, જે અંગે પ્રતિવાદીઓ દ્રારા વાંધો લેવામાં આવેલ છે. જયારે આ કામે વાદીની અરજી વંચાણે લેતા તેઓએ પોતાની અરજીમાં જણાંવેલ છે કે તેઓનો વાદગ્રંસ્ત જમીનમાં ચાલીસ-પચાસ વર્ષથી કબજામાં આવેલ છે અને તે મુજબ તેઓનો માલીકી હકક પ્રાપ્ત થયેલ છે અને તે રીતે માલીક ઠરાવી આપવા હાલનો દાવો કરેલ છે. જે મુજબ વાદીએ હાલની અરજી પોતાનો કબજો પ્રસ્થાપીત કરવા આપેલ હોવાનું જણાઇ આવે છે, જયારે સીવીલ પ્રોસીઝર કોડની કલમ-૭૫ તથા ઓર્ડર-૨૬ની જોગવાઇ મુજબ કોર્ટ કમીશનરની નિમણુક કરી શકાય અને નામદાર સર્વોચ્ચ અદાલતના પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત મુજબ કોર્ટ કમીશનરની નિમણુક પુરાવો એકત્રીત કરવા માટે કરી શકાય નહી અને જો વાદીનો કબજો આવેલ હોય તો તેઓએ પોતાના પુરાવા દ્રારા પુરવાર કરવો જોઇએ જે સંજોગોમાં વાદીની હાલની અરજી મંજુર કરવાપાત્ર જણાતી ન હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**...હુકમ...**

વાદીની હાલની કોર્ટ કમીશનરની નિમણુક કરવાની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ–૧૫મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date :** 15/11/2021
**Place:** Anklav

(**VADI MITESHKUMAR GIRDHARBHAI**)
Principal Civil Judge
& JMFC, Anklav.
(Code No.-01239)